રજૂ તારીખ : ૧૨/૧૦/૨૦૨૨.

દાખલ તારીખ : ૧૨/૧૦/૨૦૨૨.

ફેંસલ તારીખ : ૧૦/૦૨/૨૦૨૩.

અવધિ : વર્ષ-૦૦- માસ-૦૩, દિન-૨૯.

આંક : .

**મે. સુરતના સાતમા એડીશ્નલ સેશન્સ જજ સાહેબશ્રીની કોર્ટમાં, મુકામ : બારડોલી.**

**ફોજદારી રીવીઝન અરજી નંબર : ૪૯/૨૦૨૨.**

**અરજદાર** : **કાર્તિકકુમાર ગૌરવભાઇ નાયકા,**
રહેવાસી : નાયકીવાડ, પંચાલ ફળીયું,
ઊંભેળ, તાલુકો : પલસાણા, જિલ્લો : સુરત.

**વિરૂધ્ધ**

**સામાવાળા** : **સ્ટેટ ઓફ ગુજરાત.**

**વિષય** : **ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ-૩૯૭ અન્વયે રીવીઝન અરજી.**

===========================================================

**અરજદાર તરફે તેમના વિદ્વાન વકીલ શ્રી વાય. જી. પટેલ.**

**સામાવાળા તરફે વિ. એ.પી.પી. શ્રી એન. એચ. પટેલ.**

===========================================================

**-:: ચુકાદો ::-**

(૧) અરજદારની રીવીઝન અરજીની હકીકત જોઇએ તો, કડોદરા જી.આઇ.ડી.સી. પોલિસ સ્ટેશન પાર્ટ "એ" ગુના રજિ. નંબર : ૧૧૨૧૪૦૨૩૨૨–૦૨૮૫/૨૦૨૨, ઇ. પી કોડની કલમ–૪૫૭, ૩૮૦, ૧૧૪ મુજબના ગુનાના કામે અરજદારની માલિકીનો ઓપ્પો કંપનીનો એફ.૯ મોડેલનો મોબાઇલ ફોન કબજે લેવામાં આવેલ. અરજદારે

મુદ્દામાલ મોબાઇલ ફોન વચગાળાની કસ્ટડી તરીકે પરત મેળવવા માટે પલસાણાના વિ. જયુ.મેજિ.ફ.ક.શ્રીની અદાલતમાં મુદ્દામાલ અરજી કરતાં તારીખ : ૧૪/૦૯/૨૦૨૨ ના રોજ વિ. મેજિસ્ટ્રેટશ્રીએ અરજદારની મુદ્દામાલ અરજી નામંજૂર કરેલ, જે હુકમથી નારાજ થઇ અરજદાર દ્વારા હાલની ફોજદારી રીવીઝન અરજી દાખલ કરવામાં આવેલ છે.

(૨) હાલની અરજી સંદર્ભે અરજદારનાં વિ. વકીલ શ્રી વાય. જી. પટેલની દલીલો સાંભળી. તેઓની એવી રજૂઆત છે કે, નીચેની અદાલતે મુદ્દામાલ અરજી નામંજૂર કરતો જે હુકમ કરેલ છે તે ખોટો, કાયદાના સિદ્ધાંતો વિરૂદ્ધનો અને ભૂલભરેલો છે, નીચેની અદાલતનો હુકમ કુદરતી ન્યાયનાં સિદ્ધાંતો વિરૂદ્ધનો હોવાથી તે રદ્દ થવાને પાત્ર છે. મોબાઇલ ફોનના આઇ.એમ.ઇ.આઇ. નંબર મુદ્દામાલ પાવતીથી અલગ હોવાનું મુખ્ય કારણ દર્શાવી વિ. નીચેની અદાલતે મુદ્દામાલ અરજી નામંજૂર કરેલ છે. વિ. મેજિસ્ટ્રેટશ્રીએ અરજદારની મુદ્દામાલ અરજી નામંજૂર કરવા સંબંધે જે કારણો જણાવેલા છે તે યોગ્ય નથી. અરજદાર તરફે રજૂ કરવામાં આવેલ દસ્તાવેજોને તથા સુંદરલાલ અંબાલાલ દેસાઇ વિરૂદ્ધ સ્ટેટ ઓફ ગુજરાતના ચુકાદામાં પ્રસ્થાપિત થયેલ સિદ્ધાંતોને વિ. નીચેની અદાલતે ધ્યાને લીધેલ નથી. મુદ્દામાલ મોબાઇલ ફોન અરજદારની માલિકીનો છે. મુદ્દામાલ મોબાઇલ ફોન અરજદારનું રોજિંદા વપરાશનું એક અગત્યનું સાધન છે, જેમાં અરજદારના સગાસંબંધીઓના સંપર્ક નંબરો છે, જેથી મોબાઇલ ફોન વિના અરજદારને ઘણી તકલીફ પડે છે. મુદ્દામાલ મોબાઇલ ફોન પોલિસ સ્ટેશનમાં બિનવપરાશી હાલતમાં યોગ્ય કાળજી વિના પડી રહે તો તેની બેટરી, સર્કિટ વિગેરેને નુકસાન થાય તેમ છે. નામ. અદાલત મુદ્દામાલ પરત સોંપતા સમયે જે શરતો ફરમાવશે તેનું પાલન કરવાની અરજદાર ખાતરી આપે છે. આમ, ઉપરોકત હકીકતો જણાવી નીચેની અદાલતે મુદ્દામાલ અરજી નામંજૂર કરતો જે હુકમ કરેલ છે તે હુકમ રદ્દ કરી હાલની રીવીઝન અરજી મંજૂર કરતો હુકમ કરવા વિનંતી કરેલ છે.

(૩) સામાવાળા સરકાર તરફે વિ. એ.પી.પી. શ્રી એન. એચ. પટેલે અરજી હેઠળ શેરો કરેલ છે કે, અરજદારને મોબાઇલ ફોન સોંપવામાં આવે તો ફરીથી આવો ગુનો કરે

તેવી શક્યતા છે. આમ, વિ. એ.પી.પી.શ્રીએ ઉપર મુજબનો શેરો કરી હાલની રીવીઝન અરજી નામંજૂર કરવા વિનંતી કરેલ છે.

(૪) બંને પક્ષકારોની દલીલો સાંભળી. અરજી સાથે રજૂ થયેલ દસ્તાવેજી પુરાવાઓ વંચાણે લીધાં.

(૫) હાલની રીવીઝન અરજીનાં ન્યાય–નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદાઓ ઉપસ્થિત થયા છે.

**–:: મુદ્ધાઓ ::–**

(૧) શું અરજદાર પૂરવાર કરે છે કે, પડકારવામાં આવેલ વિ. મેજિસ્ટ્રેટશ્રીનો હુકમ ગેરકાયદેસર, કાયદાના સ્થાપિત સિદ્ધાંતોથી વિરૂદ્ધનો, ખોટો અને ભૂલભરેલો હોઇ તે રદ્ધ કરવો અથવા તો તેમાં ફેરફાર કરવો જરૂરી છે?

(૨) શું હુકમ?

(૬) ઉપરોકત મુદ્ધાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

**–:: નિર્ણયો ::–**

(૧) હકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

**–:: કારણો ::–**

**મુદા નંબર - ૧ :-**

(૭) નીચેની અદાલતનો મુદ્ધામાલ અરજી સંબંધેનો તકરારી હુકમ વંચાણે લીધો. નીચેની અદાલતનો હુકમ વંચાણે લેતાં રજૂ થયેલ દસ્તાવેજી પુરાવા, દલીલો, વિ. એ.પી.પી.શ્રીની દલીલો ધ્યાને લઇ અરજી હેઠળ હુકમ ફરમાવવામાં છે. નીચેની અદાલતે મુદ્ધામાલ વાહન પૂરતી અરજી નામંજૂર કરવા સંબંધે પોતાના હુકમમાં એવું કારણ જણાવેલ છે

કે, અરજદારે મુદ્દામાલ અરજીમાં દર્શાવેલ મોબાઇલ ફોનનો આઇ.એમ.ઇ.આઇ. નંબર મુદ્દામાલ પાવતીમાં જણાવેલ નંબર અલગ છે.

(૮) અરજદારે મુદ્દામાલ મોબાઇલ ફોન વચગાળાની કસ્ટડી તરીકે મેળવવા વિ. મેજિસ્ટ્રેટશ્રીની અદાલતમાં મુદ્દામાલ અરજી કરેલ, જે અરજી નામંજૂર થતાં હાલની રીવીઝન અરજી કરવામાં આવેલ છે. સદર ગુનાની હકીકત જોઇએ તો, હાલના અરજદાર તથા અન્ય સહઆરોપીઓએ કડોદરા ગામની સીમમાં શ્યામ આર્કેડની સામે આવેલ સ્વસ્તિક મોટર્સના ગોડાઉનમાંથી અલગ અલગ તારીખે રાત્રિના સમય દરમ્યાન મારૂતિ સુઝુકી કંપનીની અલગ અલગ મોડેલની ગાડીઓના સ્પેર પાર્ટસની ચોરી કરેલ. ગુનાનો પ્રકાર જોતાં બનાવ સંદર્ભે મુદ્દામાલ મોબાઇલ ફોનનો ઉપયોગ થયેલ હોય તેમ પ્રથમદર્શને જણાઇ આવતું નથી. સદર ગુનાના કામે મુદ્દામાલ મોબાઇલ ફોન સંબંધે જરૂરી એવી તમામ તપાસ કરવા માટે તપાસનીશ અધિકારીને પૂરતો સમય પ્રાપ્ત થયેલ હોવાનું માની શકાય તેમ છે. આમ, મુદ્દામાલ મોબાઇલ ફોન અંગે હાલના ગુનાના કામે વધુ કોઇ તપાસ કરવાની બાકી હોય તેમ જણાઇ આવતું નથી.

(૯) હાલના અરજદાર સદર ગુનાના કામે આરોપી છે. અરજદારની અંગઝડતી દરમ્યાન મુદ્દામાલ મોબાઇલ ફોન કબજે કરવામાં આવેલ છે. વિ. મેજિસ્ટ્રેટશ્રીએ પોતાના હુકમમાં જણાવેલ છે કે, મુદ્દામાલ પાવતીમાં જણાવેલ મોબાઇલ ફોનનો આઇ.એમ.ઇ.આઇ. નંબર અને મુદ્દામાલ અરજીમાં જણાવેલ આઇ.એમ.ઇ.આઇ. નંબર અલગ છે. હાલની અરજી સંદર્ભે તપાસનીશ અધિકારીનો અભિપ્રાય વંચાણે લેતાં મુદ્દામાલ મોબાઇલ ફોનના પ્રથમ આઇ.એમ.ઇ.આઇ.ના ૧ થી ૧૪ નંબર મેચ થાય છે અને બીજો આઇ.એમ.ઇ.આઇ. નંબર સંપૂર્ણ મેચ થાય છે. અરજદારે આ સંદર્ભે એફીડેવીટ રજૂ કરી એવી હકીકત જાહેર કરેલ છે કે, તેઓએ વિ. નીચેની અદાલત સમક્ષ કરેલ મુદ્દામાલ અરજીમાં મોબાઇલ ફોનનો પ્રથમ આઇ.એમ.ઇ.આઇ. નંબર લખેલ બીજો આઇ.એમ.ઇ.આઇ. નંબર લખવાનું શરતચૂકથી રહી ગયેલ. તેઓએ જણાવેલ છે કે, મુદ્દામાલ મોબાઇલ ફોન તેઓની જ

માલિકીનો છે. તેઓએ પ્રથમ આઇ.એમ.ઇ.આઇ. નંબર : ૮૬૫૪૬૮૦૪૪૯૨૪૯૭૮ હોવાનું એફીડેવીટમાં જણાવેલ છે અને અરજદારે મોબાઇલ ફોનના રજૂ કરેલ બિલમાં પણ તે જ આઇ.એમ.ઇ.આઇ. નંબર દર્શાવવામાં આવેલ છે. અરજદારે મોબાઇલ ફોનના બોક્ષના ફોટાની નકલ પણ રજૂ કરેલ છે, જેમાં બંને આઇ.એમ.ઇ.આઇ. દર્શાવવામાં આવેલ છે, જે બંને નંબરો અરજદારે એફીડેવીટમાં જાહેર કરેલ નંબરો મુજબના છે. સદર કામે અરજદારે મુદ્દામાલ મોબાઇલ ફોનની માલિકી દર્શાવવા માટે ભાટીયા કોમ્યુનિકેશન એન્ડ રીટેઇલ (ઇન્ડિયા) લિ. નામની કામરેજ ખાતે આવેલ દુકાનના બિલની નકલ રજૂ કરેલ છે, જે ધ્યાને લેતાં અરજદારે બિલ નંબર : ૦૩૦/૧૫૩૦/આર.જી.થી મુદ્દામાલ મોબાઇલ ફોન તારીખ : ૦૪/૦૧/૨૦૧૯ ના રોજ ખરીદ કરેલ હોવાનું જણાઇ આવે છે. આમ, કબજે કરવામાં આવેલ મુદ્દામાલ મોબાઇલ ફોનના માલિક હાલના અરજદાર હોવાનું પ્રથમદર્શને જણાઇ આવે છે. ટ્રાયલ સમયે જો મુદ્દામાલ મોબાઇલ ફોનની જરૂરિયાત ઊપસ્થિત થાય તો તે રજૂ કરવા અંગે યોગ્ય શરત મુદ્દામાલ પરત સોંપતી વખતે લાદી શકાય તેમ છે. અરજદારે મુદ્દામાલની વચગાળાની કસ્ટડીની માંગણી કરેલ છે, કાયમી કસ્ટડી માંગેલ નથી. ઉપર જણાવ્યું તેમ અરજદાર મુદ્દામાલ મોબાઇલ ફોનના કાયદેસરના માલિક છે. સદર મુદ્દામાલ અંગે અન્ય કોઇ વ્યક્તિ દ્વારા કલેઇમ કરવામાં આવેલ હોય તેવું જણાતું નથી. સદર કામે અરજદારે જે મુદ્દામાલની માંગણી કરેલ છે તે એક ઇલેકટ્રોનિક સાધન છે. મુદ્દામાલ મોબાઇલ ફોન અરજદારના રોજિંદા વપરાશનું સાધન છે. મુદ્દામાલ મોબાઇલ ફોન પોલિસ સ્ટેશનમાં યોગ્ય કાળજી વિના પડી રહે તો તેની બેટરી, સર્કિટ વિગેરેને નુકસાન થાય તે એક માની શકાય તેવી બાબત છે. ઉપરોકત તમામ હકીકતો, કેસનું રેકર્ડ તથા ૨૦૦૩ (સુ.કો.), પાના નંબર : ૬૩૮, સુંદરભાઇ અંબાલાલ દેસાઇ વિરૂદ્ધ સ્ટેટ ઓફ ગુજરાતના ચુકાદામાં પ્રસ્થાપિત કરવામાં આવેલા સિદ્ધાંતોને ધ્યાને લેતાં મુદ્દામાલ મોબાઇલ ફોન અરજદારને યોગ્ય શરતોને આધિન વચગાળાની કસ્ટડી તરીકે પરત સોંપવામાં આવશે તો ન્યાયની નેમ જળવાઇ રહેશે તેમ જણાય છે. ઉપરોકત તમામ હકીકતો ધ્યાને લેતાં નીચેની અદાલતે અરજદારની મુદ્દામાલ અરજી

નામંજૂર કરતો જે હુકમ કરેલ છે તે હુકમ અત્રેની અદાલતનાં કાયદેસરના હસ્તક્ષેપને આવકારે છે. આમ, ઉપરોકત હકીકતોને ધ્યાને લેતાં નીચેની અદાલતે અરજદારની મુદ્દામાલ અરજી હેઠળ કરેલ હુકમ ખોટો અને ભૂલભરેલો હોવાનું જણાઇ આવે છે અને તેથી તે હુકમ રદ્દ કરવાનું યોગ્ય અને ન્યાયોચિત જણાયતું હોવાથી જેથી **મુદ્દા નંબર : ૧ નો નિર્ણય હકારમાં** આપી મુદ્દા નંબર : ૨ ના નિર્ણય અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**-:: હુ ક મ ::-**

(૧) અરજદાર કાર્તિકકુમાર ગૌરવભાઇ નાયકાનાઓની હાલની ફોજદારી રીવીઝન અરજી નંબર : ૪૯/૨૦૨૨ આથી મંજૂર કરવામાં આવે છે.

(૨) અરજદારની મુદ્દામાલ અરજી હેઠળ પલસાણાના વિ. જયુ.મેજિ.ફ.ક.શ્રીએ તારીખ : ૧૪/૦૯/૨૦૨૨ ના રોજ અરજી નામંજૂર કરતો જે હુકમ કરેલ છે તે હુકમ આથી રદ્દ કરવામાં આવે છે અને કડોદરા જી.આઇ.ડી.સી. પોલિસ સ્ટેશન પાર્ટ "એ" ગુના રજિ. નંબર : ૧૧૨૧૪૦૨૩૨૨–૦૨૮૫/૨૦૨૨, ઇ. પી કોડની કલમ–૪૫૭, ૩૮૦, ૧૧૪ મુજબના ગુનાના કામે કબજે કરવામાં આવેલ ઓપ્પો કંપનીના એફ.૯ મોડેલના મોબાઇલ ફોન અંગે મુદ્દામાલ પાવતીમાં જણાવેલ કિંમત કરતાં દોઢી રકમના બોન્ડ તથા તેટલી જ રકમના જામીન આપવામાં આવ્યેથી મુદ્દામાલ મોબાઇલ ફોન નીચેની શરતોને આધિન અરજદારને વચગાળાની કસ્ટડી તરીકે પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

**–:: શ ર તો ::–**

(૧) અરજદારે મુદ્દામાલ મોબાઇલ ફોન કેસ ચાલતાં દરમ્યાન કોઇને વેચાણ, ગીરો, બક્ષીસ કે અન્ય કોઇ પણ રીતે ટ્રાન્સફર કરવો–કરાવવો નહીં.

(૨) મુદ્દામાલ મોબાઈલ ફોન સંબંધિત કોર્ટ જયારે અને જયાં જરૂર પડયે રજૂ કરવાનું ફરમાવે ત્યારે અને ત્યાં અરજદારે રજૂ કરવાનો રહેશે.

(૩) તપાસનીશ અધિકારીએ મુદ્દામાલ પરત સોંપતા અગાઉ મુદ્દામાલ મોબાઈલ ફોનના ચારેય દિશાના ફોટા અરજદારના ખર્ચે પડાવી સંબંધિત નીચેની અદાલતમાં રજૂ કરવા તથા જરૂર જણાય તો મુદ્દામાલ અંગે પંચનામું કરી અદાલતમાં રજૂ કરવું.

(૪) અરજદારે મુદ્દામાલ મોબાઈલ ફોનની ઓળખમાં કોઈ ફેરફાર કરવો–કરાવવો નહીં.

(૫) અરજદારે મુદ્દામાલ મોબાઈલ ફોનનો કોઈ પણ ગુનાહિત પ્રવૃત્તિમાં ઉપયોગ કરવો–કરાવવો નહીં.

અરજદારે બોન્ડ તથા જામીન વિ. મેજિસ્ટ્રેટશ્રીની કોર્ટ સમક્ષ આપવા અને વિ. મેજિસ્ટ્રેટશ્રીની કોર્ટે મુદ્દામાલ મોબાઈલ ફોન રિલીઝ કરવા સંબંધે પોલિસ સ્ટેશનને યાદી કરવી.

આ હુકમની એક ખરી નકલ સંબંધિ વિ. મેજિસ્ટ્રેટશ્રીની અદાલતમાં મોકલી આપવી.

હુકમ આજ **તારીખ :** ૧૦ મી, **માહે :** ફેબ્રુઆરી, **સને :** ૨૦૨૩ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

**તારીખ :** ૧૦/૦૨/૨૦૨૩.
**બારડોલી.**

**( બસંતકુમાર ગુરમુખલાલ ગોલાણી)**
સાતમા એડીશ્નલ સેશન્સ જજ, સુરત,
મુકામ : બારડોલી, જિલ્લો : સુરત.
U.I. CODE- GJ01509